26 OCT
2022

Paghadi e-Magazine

2
EDITION

નૂતન વર્ષ
સ્પેશિયલ
અંક

રૂડો રબારી સમાજ

# પાઘડી

આપણો સમાજ • ગુજરાતી ગૌરવ



## ધર્મ દર્શન
(શ્રી વડવાળા મંદિર - દુધરેજ)

## રબારી સમાજ ઈતિહાસ

## સમાજ રત્ન

## પાઘડી ન્યૂઝ

## કલા જગત

# કન્ટેન્ટ

**સંપાદક સંદેશ**

**મેગેઝિન પરિચય**

**રબારી સમાજ ઈતિહાસ ભાગ - 2**

**ધર્મ દર્શન**

(શ્રી વડવાળા મંદિર - દુધરેજ)

**સમાજ રત્ન**

(ટૂંકો પરિચય)

**કલા -જગત**

(ભાવિન રબારી - 'છેલ્લો શો' ફિલ્મમાં અભિનય કરનાર)

**પાઘડી ન્યૂઝ**

# સંપાદક સંદેશ

**પાઘડી ઈ-મેગેઝિન ના વાચકોને મારા 'રામ રામ'**

આપને તથા આપના પરિવારને નવા વર્ષ ની હાર્દિક શુભકામનાઓ.

આવનાર નવું વર્ષ આપ અને આપના પરિવાર માટે સુખ, સંપતિ, આયુષ્ય, સલામતી, સૌભાગ્ય, સમૃદ્ધી અને સદભાવનાની અવિરત જ્યોત આપના જીવનમાં ઝગમગતિ રહે અને આપનો પરિવાર સંપૂર્ણ વૈભવથી પરિપૂર્ણ થાય.

નવા વર્ષમાં આપની તથા આપના પરિવારની સુખ, શાંતિ, સમૃધ્ધિ માં ઉત્તરો ઉત્તર વધારો થાય, દરેક ક્ષેત્ર માં પ્રગતિ થાય આવનાર નવું વર્ષ ખુબ ફળદાયી નીવડે એવી શુભકામનાઓ

**જય શ્રી કૃષ્ણ જય માતાજી**

**- વિષ્ણુ રબારી 'ઝવેર'**

**(એડિટર - લેખક)**

# પાઘડી ઈ-મેગેઝિન વિષે

આજથી આશરે પાંચ એક વર્ષ પેહલા પાઘડી ઈ-મેગેઝિનની સોશ્યિલ મીડિયા પર શરૂઆત થઈ ચુકી હતી. અમુક સમય અને સંજોગને કારણે મેગેઝિનને પબ્લીશ કરી શક્યા નોહતા. ડિજિટલ પ્લેટફોર્મ નો ઉપયોગ અત્યારે ખુબજ પ્રમાણ માં થઈ રહ્યો છે જેને ધ્યાન માં રાખીનેજ પાઘડી ઈ - મેગેઝીનની શરૂઆત કરી છે. આપણા સમાજનો ઘણો વર્ગ ડિજિટલ પ્લેટફોર્મ પર કનેક્ટ છે ને ઘણો વર્ગ નથી. જે વર્ગ નથી એમના માટે અમુક સમય પછી ચોક્કસથી પ્રિન્ટ કોપી લઈને આવીશું.

પાઘડી ઈ - મેગેઝિનમા શૈક્ષણિક, વેપાર, ધાર્મિક, સામાજિક અને અન્ય જાણવા જેવી માહિતી આપવામાં આવશે. પાઘડી ઈ-મેગેઝિન હાલ ડિજિટલ પ્લેટફોર્મ સોશ્યિલ મીડિયા અને વેબસાઈટ પર ચાલતું મેગેઝીન છે.

'પાઘડી' શબ્દ ના અહીં બે ઉલ્લેખ થઈ રહ્યા છે એક પાઘડી એટલે સમાજની સૌથી મોટી ઓળખ છે સમાજનો માન અને મોભો છે અને બીજો ઉલ્લેખ એ કે પા' ઘડી એટલેકે થોડોક સમય થોડીક ક્ષણ. તમારી વ્યસ્તતા માંથી થોડોક સમય કાઢીને એકવાર મેગેઝીન વાંચી લેવું. પાઘડી ઈ-મેગેઝિન દર મહિને બે એડીશન પંદર - પંદર દિવસે પબ્લિશ કરશે.

## ઉદ્દેશ અને ધ્યેય

અમારો ઉદ્દેશ સમાજમા જાણવા જેવી શૈક્ષણિક, વેપાર, રમત ગમત અને બીજા અન્ય ક્ષેત્રની અપડેટ, ધાર્મિક અને સંસ્કૃતિ વિશેની માહિતી આવી અનેક માહિતી આપવી. જેના થકી અમે યુવા વર્ગને સાચી માહિતી આપી શકીએ. પાઘડી ઈ - મેગેઝિનની વાંચી કોઈ વાત થી શીખીને આગળ વધે ને પોતાની પ્રગતિ કરે એજ ધ્યેય.


**Chief Editor**

**Vishnu Rabari 'Zaver'**

**Designed By**

**HV Design Studio**



**Contact**

**+91 91730 93291 | paghadimail@gmail.com**

# नूतन वर्षाभिनदन



નવું વર્ષ સ્નેહી મિત્રો શુભેચ્છકો અને સૌને માટે શુભદાયી, ફળદાયી
અને લાભદાયી બની રહે તેવી અંતરથી ખૂબ ખૂબ શુભેચ્છા!

રૂડો રબારી સમાજ
**પાઘડી**
આપણો સમાજ • આગવી ઓળખ • ગુજરાતી ગૌરવ

paghadi | +91 91730 93291

રૂડો રબારી સમાજ
પાઘડી
આપણો સમાજ • આગવી ઓળખ • ગુજરાતી ગૌરવ

# HISTORY OF RABARI

## રબારી નો ઈતિહાસ ભાગ - 2

## "સામડ(રબારી)" ઉત્પત્તિ, સ્થળાંતરણ અને રાજકીય ઈતિહાસ

રબારી અતિપ્રાચીન કોમ છે. રબારી કોમ ૧૩૩ પ્રાચીન અને અર્વાચીન કુળો ની બનેલી છે . એટલે રબારી કોમ ને વિહોતર(૨૦+૧૦૦+૧૩=૧૩૩) પણ કહેવામાં આવે છે. રબારી ના પ્રાચીન કુળ એટલે કે સામડ અને અર્વાચીન કુળ એટલે કે જે સામડ માં થી વિભાજિત થઈ ને નવા અસ્તિત્વ માં આવ્યા એ કુળ . રબારી ના ૧૩૩ કુળ માં સામડ કુળ આધકુળ છે. એટલે કે સામડ કુળ સમય ની સાથે વિભાજિત થતું ગયું જેને લીધે ધીમે ધીમે કોમ માં નવા કુળ અસ્તિત્વ માં આવ્યા જેમની સંખ્યા હાલ ૧૩૩ છે એટલે રબારી કોમ વિહોતર થી ઓળખાય છે. આજે આપણે સામડ રબારી ના ઈતિહાસ ને વધુ ઊંડાણ થી અને ઐતિહાસિક ઉલ્લેખો અને પુરાવા ની સંગતતા થી જાણીશું.



**ઉત્પત્તિ :-** ભગવાન શિવ કૈલાશ પર્વત ઉપર તપ કરતા હતા ત્યારે માં પાર્વતી માન સરોવર ની માટી થી વિચિત્ર મુર્તિ બનાવી સમય પસાર કરતા હતા આ દરમિયાન તેમણે એક પાંચ પગ વાળા વિચિત્ર પ્રાણી ની મુર્તિ બનાવી આ બનાવતા જ માં પાર્વતી ને તે ગમી ગઈ અને તેમણે તેમાં પ્રાણ પુર્યા આ પ્રાણી એટલે જ ઉંટ. પાર્વતી ને ઉંટ ખુબ પસંદ આવ્યો પણ ઉંટ એક તોફાની પ્રાણી છે તેમજ તેને કાબુ માં રાખવું મુશ્કેલી ભર્યું કામ છે આ ઉપરાંત ઘાટીઓ ના રાક્ષસ થી ઉંટ ને રક્ષણ આપવુ પણ જરૂરી હતું. માટે જ્યારે શિવજી તપ કરી પાછા કૈલાશ પર આવ્યા ત્યારે માં પાર્વતી એ શિવજી ને આ ઉંટ વિશે વાત કરી અને આ ઉંટ નું રક્ષણ કરી શકે તેમજ તેને કાબુ કરી શકે એવા શકિતશાળી બાહુબળ વાળા માણસ ને ઉત્પન્ન કરવા કહ્યું. પાર્વતીની ફરિયાદ

સાંભળીને શંકર ભગવાને એમને નહાતી વખતે શરીરના મેલમાંથી એક પૂતળુ બનાવવા કહ્યું. બીજે દિવસે પાર્વતીજીએ અંગનો મેલ ઉતારીને એક પૂતળું બનાવ્યું. મહાદેવજીએ સમડાના વૃક્ષ નીચે ઉભા રહી પૂતળાને સજીવન કર્યું. એમાંથી જે માણસ ઉત્પન્ન થયો તે સાંબડ કહેવાયો. સાંબડને પાર્વતીના ઊંટને ચરાવવાનું અને સાચવવાનું કામ સોંપ્યું. સાંબડનું આદિ નિવાસસ્થાન કૈલાસ ગણાય છે. રબારીઓ આજે પણ સમડાના વૃક્ષને પવિત્ર માને છે.

સામડ ની ઉંમર લગ્ન યોગ્ય થતા માતા પાર્વતી ને સામડ ના લગ્ન ની ચિંતા થઈ તેમણે શીવજી ને વાત કરી શિવજી એ દેવલોક મા ઈન્દ્રરાજા ની દીકરી દેવીરાઇ,દેવીકુણન અને દેવીરેણુકા સાથે સામડ ના લગ્ન કર્યા.અને રબારી કોમ ની પ્રથમ દંપતી ને આર્શીવાદ અને દશ સિદ્ધાંત આપ્યા.સમય જતા સાંબડને ચાર પુત્રીઓ અને એક પુત્ર થયો
દેવીરાય થી જે પુત્ર થયો તેનું રાયકા થી ઓળખાયો અને દેવી કુણન થી જે પુત્રી થઇ તેનું નામ દેવી નામલ, અને દેવી કામલ અને દેવી રેણુકા થી જે પુત્રી થઇ તે દેવી પ્રેમલ અને દેવી ઉમા અને ચારેય દીકરી ના લગ્ન સ્વર્ગ ના દેવતાઓ સાથે કર્યા એટલે જ રબારી દેવાસી દેવવંશી પણ કહેવાય છે.



સ્વાભાવિક વાત છે કે સામડ કુળ ની ઉત્પત્તિ ભગવાન શિવજી એ કરી તો અનંત કાળ પહેલા કરી હશે જ્યારે ધરતી ઉપર માનવ સભ્યતા વિકસી રહી હશે લગભગ (૭000-૯000 વર્ષ પુર્વે). વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી પણ પ્રથમ માનવ સભ્યતા તિબ્બત વિસ્તારમાં વિકસી તે ફલિત થઇ રહ્યું છે.તિબબત વિસ્તાર નો કૈલાશ પર્વત શીવજી નુ નિવાસસ્થાન છે. સામડ કુળ ને એક ખુધ વાળા ઉંટ સાથે ઉત્પત્તિ સાથે જ ઘનિષ્ઠ સંબંધ છે. એટલે સામડ કુળ ઉંટ ને પોતાની જાહોજલાલી, વૈભવ અને ઘનિષ્ઠતા નુ અનંત કાળ થી પ્રતીક માને છે.

**વધુ આવતા અંકે**

Source : Rabari Rasdhara

**- રિદ્ધી રબારી**
(સંપાદક)

# શ્રી વડવાળા મંદિરનો જાણીએ ઈતિહાસ



> જ્યાં દેવાય
> દીકરાના દાન, ને ટહુકે
> આરતી ટાણે મોર

ભારત દેશ સંત, સુરાઓ અને સતિઓની રમણીય ભુમિ છે. આ દેશ ગંગાનો દેશ છે. આ અખંડ ભારતની રીત રહેણી, કહેણી અને એની સંસ્કૃતિ ની રીત કાંઈક અલગ છે. આ આર્યવર્ત દેશ આદિ બ્રહ્માની સૃષ્ટિની રચનાથી લઈને વર્તમાન ભારતની અખંડ ભાતીગળ ભાવભાહી અને ત્યાગ, તર્પણ અને અન્નનો અને બલીદાન, સમર્પણ અને આશરાનો મહિમાં અખંડ છે. આ હિન્દુસ્તાનની પાવનધરા ઉપર આદિ શંકરાચાર્ય ભગવાન, જગદ્ગુરુશ્રી રામાનુજચાર્ય એવમ્ જગદ્ગુરુશ્રી નિમ્બાર્કાચાર્ય અને જગદ્ગુરુશ્રી રામાનંદચાર્ય તથા અનેક આચાર્યોએ ઈશ્વરના અવતરોએ જન્મ લઈને આ ભારતખંડ નો મહિમા વધાર્યો છે. તો આપણે જેનો મહિમાં કવિઓ, સાહિત્યકારો અને શબ્દોનાં જાણકાર

એવામાં ભારતના કવિઓએ અને ભજનની અંદર જેને પોતાનું અને સદ્ગુરુનો જ્યાં અદ્ભુત મહિમાં છે જે દેશમાં ગુરુ-શિષ્ય, માતા-પિતા, ભાઈ-બહેન અને આતિથ્ય જેનું એટલેકે હિમાલય જેવો જેનો આવકાર છે. એવા ધન્ય-ધરા સૌરાષ્ટ્રની ને વંદુ વારંવાર કવિઓ કહે છે કે ભારત દેશમાં જન્મ લેવો એ દુર્લભ છે. અને સૌરાષ્ટ્રમાં (કાઠિયાવાડ) જન્મ લેવો એ દેવોને પણ અતિદુર્લભ છે. તો આવો જેનો આવકાર અને જ્યાં ભગવાન શ્રી દ્વારકાનાથ પણ અતિ આનંદ સહિત જ્યાં નિવાસ કર્યો એવી રમણિય દ્વિપ એટલે | સૌરાષ્ટ્રની ધરા જે ધરા ઉપર સમુદ્રનારાયણ, શાંત અને ઘુઘવાટા કરી રહ્યા છે. જે સાગરના કિનારે શ્રી સોમનાથ, શ્રી દ્વારકાધીશ, શ્રી નાગેશ્વરમ્ અને નવનાથ સિધ્ધ ચોર્યાસીના જ્યાં બેસણા છે. એવો ગર્વો ગિરનાર જ્યાં અખંડ આસન રાખીને બેઠો છે. એવી સૌરાષ્ટ્રની પાવનધરા પર એક સૌર્ય, બલિદાન, સાધુતા, વિરતા, ત્યાગ, સમર્પણ અને અન્નનો જ્યાં અખંડ મહિમા છે એવી ધિંગી ધરા ઝાલાવાડની રમણીય ભૂમિમાં આવેલું સમસ્ત ભારતવર્ષના રબારી, માલધારી સમાજનું શ્રધ્ધા, આસ્થાનું કેન્દ્ર છે. એવા દુધરેજધામ ના પાવનકારી ઈતિહાસનો ચાલો આપણે મનભરી પ્રેમથી અવલોકન કરીએ.





ઝાલાવડની પાવન આ રમણીય ધરામાં પવિત્ર ઝાલાવંશનો ઈતિહાસ અનુપમ છે શ્રી ઝાલાવંશના મુગુટમણિ શ્રી હરપાલદેવનું નામ સાંભળતા આપણને અતિઆનંદ થાય છે કે જે મકવાણા રાજવંશની રક્ષા કરી. એટલે કે ઝાલા રાજવંશી કહેવાણા ઝાલાવાડનાં અનેક રાજાઓ થયા તો ચાલો આપણે જઈએ ઝીંઝુવાડાના રાજવંશમાં ઝીંઝુવાડાનાં ઝાલા વંશમાં મહારાજ યોગીરાજસિંહજી મહારાજનાં આજ્ઞાંકિત રાજરાણી, મહારાણી શ્રી ગંગાબાઈનો ઉદરથકી શ્રી શામતસિંહજી અને અમરસિંહજી અને બીજા ત્રણ ભાઈઓ અને એક બહેને અવતાર લીધો.

શ્રી સામતસિંહજી અને અમરસિંહજી જ્યારે જન્મ લીધો ત્યારથી એની રીત-ભાત, રહેણી-કરણી, અને આસન કઇંક ઋષિતુલ્ય હતા. સમય જતા વાર લાગતી નથી. બંને ભાઇઓ યુવાન થયા. એક દિવસનાં સમયમાં બંને ભાઇઓ વનની વાટ પકડે છે. વનમાં મૃગલાઓ અને અશ્વ પર સવારી થઇ જ્યાં સદ્‌ગુરુ શ્રી યાદવદાસજી મહારાજનો જ્યાં રણમાં આશ્રમ હતો. ત્યાં બંને ભાઇઓ મૃગલા (હરણ) નો શિકાર કરે છે. અને જેવો હરણનો શિકાર કર્યો તે ઝિલેશ્વર કુંડ યોગી ઋષિ શ્રી યાદવદાસજી મહારાજનો આશ્રમ હતો. બંને ભાઇઓના તિર વાગવાથી નિર્દોષ મૃગ સદ્‌ગુરૂ શ્રી યાદવદાસજી મહારાજના આશ્રમમાં આવીને પ્રાણ છોડે છે. તે સમય ગુરુવર્ય શ્રી યાદવદાસજી મહારાજ સંધ્યા, વંદન, યજ્ઞ કરીને ભગવાનશ્રી સૂર્યનારાણને અર્ઘ આપવા માટે પોતાની કુટીઆની બહાર જ્યારે આવે અને સૂર્યનારાયણ ભગવાનને જળ અર્પણ કરે ત્યારે સદ્‌ગુરુ શ્રી યાદવદાસજી મહારાજની નજર જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા મૃગ ઉપર પડતા સંતની કરુણા ઉપજી. અને કહેવા લાગ્યા. ઓહો... ઓહો.. આ કોણે અમારા ગુરુમહારાજશ્રી નિલકંઠદાસજી મહારાજનો આજ્ઞાનું કોણે ઉલ્લંઘન કર્યુ. અને સદ્‌ગુરુ શ્રી યાદવદાસજી મહારાજે પોતાનાં પૂજાનાં ભગવાન શ્રીહરિનો પૂજનાના જળ જમણા હાથમાં લઇને ઈષ્ટદેવને ગુરુમહારાજનાં આપેલા પાવન પવિત્ર મંત્ર લઇને જળ પોતાના જમણા હાથથી મૃત્યુ પામેલાં મૃગ ઉપર છાંટતા. મૃગ સજીવન થયું અને મૃગને કશું થયુ નથી તેમ તે જંગલ (રણમાં) જતું રહ્યું.

આ દ્રશ્ય જોતાં બંને રાજકુમારો શ્રી સામતસિંહજી અને અમરસિંહજી મહારાજ પોતાનાં હથિયારો ત્યાં જ તોડી અને સદ્‌ગુરુ શ્રી સંત શ્રી યાદવદાસજી મહારાજના શ્રી શરણોમાં નમન વંદન કરીને અને કહેવા લાગ્યા હે ભગવત અમારા ગુના માફ કરો આપ તો અમારા ભગવાન છો. આપની આ સાધુતા જોઈને અમે વારંવાર વંદન કરીએ છીએ નમન કરીએ છીએ. અને અમારું જીવન આપનાં ચરણોમાં સમર્પિત કરીએ છીએ. હે ગુરુ મહારાજ આપ અમારા તારણહાર છો. આ ભવસાગરમાં ગુરુમહારાજ સિવાય કોણે તારે કારણ કે ગુરુ દેવન કા દેવ છે. આપ અમને સંતનાં, સાધુના અને ભારત્ય સંસ્કૃતિના આપ આપ અમને દિક્ષા આપો. ત્યારે આવા બંને રાજકુમારોનાં વચનો સાંભળીને સદ્ગુરુ શ્રીયાદવદાસજી મહારાજે કહ્યું કે હે રાજકુમારો વૈરાગ્યનાં માર્ગો બહુ જ આકરા છે. આપ હજી કુમાર અવસ્થામાં છો સાધુશાહી જીવનમાં અને ભારતીય સંત પરંપરામાં આવતા માટે માત-પિતાની આજ્ઞા સર્વોપરી માનવામાં આવે છે. અને તમે તો બંને રાજકુમારો છો. રાજવી રીત-ભાત અને રહેણી-કહેણી બહુ જ ઓછી છે. તમે બંને ભાઈઓ રાજની આજ્ઞા લઈને આવો. ત્યાર પછી હું દિક્ષિત અને ભાગવતી દિક્ષા, મંત્ર દિક્ષા આપુ. આવું સદ્ગુરુ શ્રી યાદવદાસજી મહારાજે રાજકુમારો શ્રી સામતસિંહજી અને શ્રી અમરસિંહજી મહારાજને કહ્યું. પણ વૈરાગ લાગ્યો રે ગુરુની વાતડીએ હાલો રે મારા ગુરુજીની હાટડીએ એ શબ્દોને શાકારીત કરવા માટે બંને રાજકુમારો ગુર મહારાજ શ્રી યાદવદાસજી મહારાજનાં શ્રી શરણોમાં નમન કરીને પોતાનું ના મુખારવિન્દમાંથી શબ્દો બોલ્યા હે અનાથોના નાથ, હે જગતના તારણહાર આપની આજ્ઞા છે તો રાજભવનમાં જઈ અમારા માત-પિતાની આજ્ઞા લઈને અમે આવીએ છીએ. ત્યાં સુધી આપ આપના આસન ઉપર જ બિરાજો. અને અહિંયાથી અમને કંઈપણ છોડીને જાવ તો હે ગુરુમહારાજ ભૂલ થાય તો ક્ષમા કરજો પણ આપને રામ દુહાઈ છે. જો અમને છોડીને જાવ તો

આટલું તીવ્રવૈરાગી પુરુષો બંને રાજકુમારો ઝીંઝુવાડાનીરાજનગરીમાં મહારાજ શ્રી યોગરાજસિંહજી ઝાલા અને માતા ગંગાબાઈ તથા પોતાનાં ભાઈઓ બહેન તથા પરિવાર સમક્ષ સદ્ગુરુ શ્રીયાદવદાસજી મહારાજ પાછે દિક્ષિત એટલે કે સાધુ બનવા માટે પોતાના માતા-પિતાની આજ્ઞા લેવા સૌને હાથ જોડીને પ્રણામ કર્યા. આમ, માતા-પિતાએ રડતા હદયે બંને રાજકુમારોને સાધુ બનવા માટે રજા આપવામાં આવે છે. અને ધામ-ધુમથી ગુરુ મહારાજનાં ધ્યાન સ્થળ એવા રણની અંદર જ્યાં પૂર્વે મહાપુરુષોની જ્યાં અખંડ આસન ઉપર અલખ જગાવ્યો એવી ધન્યધરાના પાવન સદગુરથી યાદવદાસજી મહારાજના સંત કુટિર કે જ્યાં આજે અખંડ ધુણો છે. ત્યાં આવે છે બંને રાજકુમારો જ્યારે સદગુરુ શ્રી યાદવદાસજી મહારાજની આજ્ઞા લઈને રાજભવનમાં માત-પિતાની રજા લેવા ગયા ત્યારે સદ્ગુરુ ભગવાન શ્રી યોગ સમાધિમાં સાડા ત્રણ દિવસનું અખંડ આસન લગાવીને બેસી ગયા.

પણ જ્યારે બંને રાજકુમારો આવ્યા ત્યારે ગુરુ મહારાજને પદ્માસન ઉપર બિરાજમાન જોયા અને બંને ભાઈઓ ગુરમહારાજની સન્મુખ બેસી ગયા. પણ સાડા ત્રણ દિવસ સુધી અન્ન, જળ, કે કોઈ સાંસારીક મન, કર્મ, ગુરુમહારાજની સન્મુખ બેસી ગયા. પણ સાડા ત્રણ દિવસ સુધી અન્ન, જળ, કે કોઈ સાંસારીક મન, કર્મ, વચનથી તમામનોત્યાગ કર્યો બંને રાજકુમારો ગુરુમહારાજની સન્મુખ બેસી ગયા. જ્યારે ગુરુમહારાજે સાડા ત્રણ દિવસની અખંડ સમાધિમાંથી જ્યારે જાગરત થયા ત્યારે બંને રાજકુમારોને જોઈ, સદગુરુ શ્રી યાદવદાસજી મહારાજ બંને રાજકુમારનાં તેજ અને તિવ્ર વૈરાગ જોઈ એમનું જીવન અને પૂર્વ અવતારનાં કોણ તે મુમુક્ષો છે. તે જાણવા માટે ફરીથી ધ્યાનની અંદર બેસી ગયા. ત્યારે સદગુરુ શ્રી યાદવદાસજી મહારાજ બંને રાજકુમારોના અવતારોની પ્રતિતિ થઈ. ઓહો... આ તો અવતારી પુરષો છે.

Source : શ્રી વડવાળા મંદિર - દુધરેજ

**વધુ આવતા અંકે**

ધર્મ દર્શન એટલે શ્રદ્ધા વિશ્વાસ અને આસ્થાનું સ્થાન જેમા દરેક અંકમાં અમે આપને સમાજના જાણીતા ને પૌરાણિક મંદિર કે માઢ પવિત્ર યાત્રા ધામના ઈતિહાસ અને પરચાની માહિતી આપતા રહીશું. અમને જે ધાર્મિક સ્થળની માહિતી હશે એતો આપીજશું પરંતુ જો આપના પણ ધ્યાનમાં કોઈ પવિત્ર ધાર્મિક સ્થળ હોઈ તો આપ અમને અમારા WhatsApp નંબર 91730 93291 પર અથવા તો ઈમેઈલ આઈડી paghadimail@gmail.com પર મેઈલ કરી શકો છો.






**DCP, ડૉ.કાનનબેન મનુભાઈ દેસાઈ**

ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ અમદાવાદ શહેર



**ACP રાધિકાબેન ભગવાનભાઈ ભારાઈ**

આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ વડોદરા શહેર



**P.S.I શીતલબેન મુળજીભાઈ કળોતરા**

PSI ભાવનગર

**નવું વર્ષ અમારા સ્નેહી મિત્રો શુભેચ્છકો અને સૌને માટે શુભદાયી, ફળદાયી અને લાભદાયી બની રહે તેવી અંતરથી ખૂબ ખૂબ શુભેચ્છા!**



**P.I વેજીબેન ભીખાભાઈ વશ (રબારી)**

(PI) બનાસકાંઠા



**P.S.I ધર્મિષ્ઠા બેન લિંબાભાઈ આલ**

PSI વસ્ત્રાપુર અમદાવાદ શહેર

# સમાજ રત્ન

## અલગ ઓળખ ઉભી કરનાર "રબારી સમાજ રત્ન"



**SP, જશુભાઈ એન દેસાઈ**

હોદ્દો - SP સુરત સ્પેશિયલ બ્રાન્ચ
વતન - અમદાવાદ , હાલ - સુરત



**SP, બળદેવભાઈ છગનભાઈ દેસાઈ**

હોદ્દો - SP અમદાવાદ ઝોન 5
વતન - વતન - તેજપુરા, મેહસાણા, હાલ - અમદાવાદ



**SP, સુધીર કુમાર દેસાઈ**

હોદ્દો - SP રાજકોટ ઝોન- 2 | વતન - પાટણ
હાલ- રાજકોટ



**DYSP રાજેશકુમાર એલ.બારડ ( દેસાઈ)**

હોદ્દો - નાયબ પોલીસ અધિક્ષક, ચેતક કમાન્ડો ફોર્સ
વતન - પાલનપુર | હાલ- ગાંધીનગર

# સમાજ રત્ન

## અલગ ઓળખ ઉભી કરનાર "રબારી સમાજ રત્ન"



### DYSP. રાકેશભાઈ દેસાઈ

હાલ - ગાંધીનગર IB | વતન. પાલનપુર BK



### DYSP. સાગર ભુપતભાઈ સાંબડા

હોદ્દો - DYSP,ભચાઉ,કચ્છ- પૂર્વ
વતન. ભાડેર ( તા. ધોરાજી), જિ. રાજકોટ)



### શૈલેષ કે રબારી

હોદ્દો - સાઈબર ક્રાઈમ, સુરત



### ચિન્મય તેજાભાઈ દેસાઈ

હોદ્દો - PI કચ્છ- પૂર્વ, ગાંધીધામ
વતન - રૂવાવી | હાલ - અમદાવાદ

# સમાજ રત્ન

## અલગ ઓળખ ઉભી કરનાર "રબારી સમાજ રત્ન"



### આર. ડી. રબારી

હોદ્દો - PI જામનગર
વતન - ચોરવાડ જી. જૂનાગઢ



### કુલદીપ ભુરાભાઈ દેસાઈ

હોદ્દો - પોલીસ ઈન્સ્પેક્ટર (FORMER સેક્શન ઓફિસર)
વતન - પાટણ | હાલ - નવસારી



### પિયુષ કરમણભાઈ રાડા

હોદ્દો - પ્રો. પોલીસ ઈન્સપેક્ટર, ધોળકા, અમદાવાદ ગ્રામ્ય
હાલ - ધોળકા, અમદાવાદ | વતન - જૂનાગઢ



### સંદીપકુમાર ખીમાભાઈ છેલાણા

હોદ્દો - પ્રો.પોલીસ ઈન્સ્પેક્ટર (PI) GPA Karai
વતન. સાંઢા જૂનાગઢ

# પોતાની એક્ટિંગ થી એક ગુજરાતી ફિલ્મને ઓસ્કર સુધી પહોંચાડનાર ભાવિન રબારી




જામનગરના વસઈ ગામનો નવ વર્ષનો રબારી નો દીકરો છેક ઓસ્કાર એવોર્ડ સુધી ચમક્યો છે, જી હા,વાત કરીએ છીએ 'છેલ્લા શો' ફિલ્મની, આ ફિલ્મ વર્ષ 2023ના ઓસ્કાર એવોર્ડ માટે ભારતની ફિલ્મ તરીકે નોમિનેટ થઈ છે. કોઈ નથી જાણતું કે એ ફિલ્મનો મુખ્ય હીરો જામનગરના નાનકડા ગામનો છે, માત્ર નવ વર્ષની ઉંમરે કલાના કામણ પાથરીને વસઈ ગામનો  રબારી નો દીકરો આજે વિશ્વસ્તરે છવાઈ ગયો છે. કોણ છે આ બાળ કલાકાર, ચાલો જાણીએ જામનગરના એ રબારી કલાકાર વિશે.

## કોણ છે ભાવિન રબારી?

ભાવિન એ છેલ્લો શો નામ ની ફિલ્મ માં લિડ બાળકલાકાર તરીકે કામ કર્યું છે આ ફિલ્મ ઓસ્કાર 2022 માટે ભારત માંથી નોમિનેટ થઈ છે. જામનગરના વસઈ ગામનો નવ વર્ષનો રબારી નો દીકરો છે

## ભાવિન ની કલાકારી ને પાંખો કોને આપી?

કોઈ પણ વ્યક્તિ ને જીવન માં આગળ વધવા માટે પરિવાર નું સમર્થન જોઈએ છે ભાવિન ને પણ જ્યારે લોકો એ એક્ટિંગ માટે ના પાડી ત્યારે એના પિતા દ્વારા એને સ્વતંત્ર જીવન માર્ગ પસંદ કરવા પાંખો અપાયી અને બનતું સમર્થન આપી દુનિયા ને એક નવા કલાકાર થી પરિચિત કરાવી.







## "રબારી" લખવા પાછળ શુ હતો વિચાર?

ભાવિન ને જયારે નામ નક્કી કરવાનું કહ્યું ત્યારે ભાવિન એ કહ્યું "મારા નામ પાછળ મારા સમાજ નું નામ "રબારી" લાગશે મારી શાખ કે ગામ નઈ મારા સમાજ ના નામ થી હું ઓળખાણ બનાવા માંગુ છું"

## એક્ટિંગ નો શોખ ક્યારથી ચડ્યો ? અને ભવિષ્યમાં શું કારકિર્દી બનાવા માંગે છે?

ભાવિન ને શોર્ટ વિડિઓ બનાવવા પસંદ હતા જેથી એક્ટિંગ માં રુચિ વધી અને કુદરતી કલાકારી બતાવી ફિલ્મ માં લિડ રોલ માં કામ મળ્યું. ભાવિન ની ફિલ્મ એ લોકો ની વાહ વાહી લૂંટી છે એના માં રહેલી કલા ને સ્વીકારી છે એને જ ભવિષ્ય માં વધુ વિકસિત કરી એક્ટિંગ ની દુનિયા માં પોતાનું નામ મોટું બનાવવું એજ લક્ષ્ય છે.

**- સૌરવ જેતપુર**
(સંપાદક)

પાઘડી NEWS
Paghadi e-Magazine

સામાજિક સમાચાર શૈક્ષણિક | વેપાર | રમત ગમત | ધાર્મિક | સ્વાસ્થ્ય

# આખા જગતમાં આજે જેની છે વાહ વાહ એ છે કાશીધામ કાહવા

## સમસ્ત રબારી સમાજ અને નાત વિહોતર ગૌરવ લઈ શકે છે કેમકે પ્લેનમાં મૂર્તિ રાજાબાપા લઈ ગયા છે





## રબારી સમાજ અને નાત વિહોતર માટે એવા કર્યા કામ કે રબારી સમાજને હરિદ્વાર અને કાશી જેવા બતાવ્યા ધામ

રાજા બાપાએ તો રબારી સમાજનો આખા વિશ્વમાં ડંકો વગાડી દીધો કારણકે ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત એવું બન્યું કે કોઈ ભગવાનની મૂર્તિ ગવર્મેન્ટ પ્લેનમાં ગઈ હોય. રાજાબાપા આજ પણ સમાજ માટે રાતને દિવસ ઉભા પગે રહે છે એટલે સમાજનું રત્ન તો છે પણ સમસ્ત રબારી સમાજને ગૌરવ મળે એવી વાત એ છે કે એ ધર્મ રત્ન પણ છે.

# પોતાને ગામ ભાવિન રબારીની શાનદાર એન્ટ્રી




હાલમાં જ છેલ્લો શો ફિલ્મને ઓસ્કરમાં એન્ટ્રી મળી છે. ત્યારે આ ફિલ્મ હવે દેશ અને દુનિયાભરમાં જાણીતી બની ગઈ છે. લોકો આ ફિલ્મની ખુબ જ પ્રશંસા કરી રહ્યાં છે. એવા સમયે આ ફિલ્મના બાળ કલાકારની જામનગરમાં એન્ટ્રીથી જમાવટ થઈ ગઈ છે. જામનગરમાં આજે રાજવી ઠાઠમાઠ સાથે બાળ કલાકાર ભાવિન રબારી પોતાના ગામમાં પહોંચ્યો હતો. જ્યાં સરઘસ કાઢીને માનસન્માન સાથે ભાવિનની ગામમાં એન્ટ્રી કરવામાં આવી. ઓસ્કર નોમીનેટડ મુવીમાં ભાવિન રબારીએ લીડ રોલ કર્યો છે. કારમાં સવાર થઈ ભાવિન રબારીએ સૌનું સ્વાગત જીલ્યું હતું. વસઈ ગામમાં રબારી સમાજ દ્વારા તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.







# સોશિયલ મીડિયાના માધ્યમથી ફંડ એકત્ર કરીને જરૂરિયાતમંદને પહોંચાડનાર ચેહરભાઈ રબારી



આજ સુધી તમે સાંભળ્યું હશે કે, ભલાઈનો તો જમાનો જ નથી, આજનાં યંગસ્ટર્સ સ્વચ્છંદી છે. તેમને કોઈની પડી નથી.......વગેરે વગેરે..પરંતુ આ બધી નેગેટિવિટીનાં અંધકારમાં એક સારપનું કોડિયું મૂકી પ્રકાશ ફેલાવવાની કોશિશ કરી જોઈએ અને જાણીએ એવા અમદાવાદીઓ વિશે જેમને જોઈને થાય કે હજી માનવતા મરી નથી પરવારી. તમે ચાહો તો આ રીતે પણ કોઈની મદદ કરીને આરામની ઊંઘ મેળવી શકો છો.

દાન કરવું. જરૂરિયાતને મદદ કરવી તે પુણ્યનું કામ છે, પરંતુ તમારી પાસે એટલા હજારો, લાખો રૂપિયા રોજે રોજ ન હોય તેમ છત્તાં કોઈને મદદ કરવાની ઈચ્છા હોય તો? આવી ઈચ્છા દર ત્રીજા વ્યક્તિને થતી હોય છે. તેમાં બહુ ઓછા લોકો એવા હોય છે જે તેના માટે ખરેખર પ્રયત્ન કરે છે અને પોચાની પાસે ન હોય તો ક્યાંકથી ભેગુ કરીને પણ બીજાની મદદ કરીને આંગળી ચીંધ્યાનું પુણ્ય કરે છે. તેવા જ એક રબારી સમાજનાં સુપુત્ર છે ચેહરભાઈ. તેમનું પુરુ નામ છે રબારી ચેહરભાઈ નાગજીભાઈ ચુનિનાપરા. ૩૫ વર્ષનાં આ યુવાન સોશિયલ મીડિયા થકી તેમનાં સમાજનાં અન્ય લોકોને જે સંપત્તિની દ્રષ્ટિએ સંપન્ન હોય તેવા દાતાઓને રિકવેસ્ટ કરે છે. આ દાતાઓ સમાજનાં ૫ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓની સ્કૂલની ફી ભરીને તેમને વિદ્યાદાન કરે છે. આ ઉપરાંત હાયર સ્ટડી માટે મોટી રકમ હોય તો પણ તેઓ દાતાઓ શોધી આપીને વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પ્રોત્સાહિત કરે છે. આ ઉપરાંત તેઓ સમાજનાં વ્યક્તિઓને મેડિકલ ઈમર્જન્સી વખતે પણ હેલ્પ કરે છે. મૂળ વ્યવસાય સાથે સંકળાયેલા ચેહરભાઈની બીજી એક ખાસિયત એ છે કે તેઓ અન્ય લોકોને સરકાર દ્વારા ચાલતી યોજનાઓ જેવી કે વિધવા સહાય, મા અમૃતમ યોજના વગેરે વિશે સામાન્ય નાગરિકને માહિતગાર કરે છે જેથી લોકો તેનો લાભ લઈ શકે. પોતાના સમાજનો વિકાસ થાય અને લોકો શિક્ષિત અને જાગૃત બને તે માટે તેઓ આવી સામાજિક પ્રવૃતિ કરે છે. તેઓ આજના યુવાનોને એ સંદેશ આપવા માગે છે તે તમે સોશિયલ મીડિયા પર માત્ર એન્ટરટેઈન ન થતાં સમાજ ઉપયોગી પ્રવૃત્તિ કરો. દેશને આજનાં યુવાનો પાસે ખૂબ આશા છે. આવી ઉત્તમ પ્રવૃત્તિ કરવા બદલ સંદેશાસિટીલાઈફની ટીમ તરફથી ચેહરભાઈને સલામ.

કડો રબારી સમાજ

# પાઘડી

આપણો સમાજ • આગવી ઓળખ • ગુજરાતી ગૌરવ

---

આવનાર અંકમાં હજી અન્ય વિષય જેવા કે એજ્યુકેશન, વ્યક્તિ વિશેષ, મહિલા / નારી શક્તિ પરિચય, વેપાર (બિઝનેસ) ઈન્ફોર્મેશન, સ્વાસ્થ્ય (હૅલ્થ ટીપ્સ) વગેરે પણ આવરી લેવામાં આવશે. જાહેરાત હેતુ અને આપના સુજાવ તથા પાઘડી ઈ-મેગેઝિન સાથે જોડાવા માટે સંપર્ક કરી શકો છો

**WhatsAppp & Call : +91 9173093291**

---

**26 OCT**
**2022**

Paghadi e-Magazine


**2**
EDITION

નૂતન વર્ષ
સ્પેશિયલ
અંક

ઝડો રબારી સમાજ

# Paghadi

આપણો સમાજ • ... ગુજરાતી ગૌરવ



## રબારી સમાજ ઈતિહાસ

## ધર્મ દર્શન
(શ્રી વડવાળા મંદિર - દુધરેજ)

## પાઘડી ન્યૂઝ

## કલા જગત

## મહિલા નારી શક્તિ

## સમાજ રત્ન